સર્વસમાવેશક પુનઃપ્રાપ્તિની દિશામાં

અનૌપચારિક રિસાયકલર્સ સાથે ભાગીદારી કરવાના સામાજિક, પર્યાવરણીય અને આર્થિક લાભો

PARYAVARAN MITRA

gaia

પ્રસ્તાવના

કોવિડ -19 મહામારીએ વૈશ્વિક અર્થતંત્રને અસ્થિર બનાવ્યું છે. વિશ્વ બેંકનો અંદાજ છે કે આ મહામારીને કારણે 88 થી 115 મિલિયન લોકો દારુણ ગરીબીની સ્થિતિમાં આવી જશે[1]. વળી, અનૌપચારિક ક્ષેત્રના કામદારો[2], જેઓ વૈશ્વિક કામદાર ક્ષેત્રનો 60% હિસ્સો છે, તેઓને આ મહામારીથી અગાઉની કોઈપણ વૈશ્વિક આફત કરતા સૌથી વધુ અસર થશે.[3] અનૌપચારિક ક્ષેત્ર જ્યારે દારુણ સ્થિતિમાં હોય ત્યારે આ ક્ષેત્રને બેઠું કરવા માટે પૂરતી માત્રામાં રીકવરી ભંડોળ ફાળવીને જવાબદારી નિભાવવાનો એક અવસર સરકારો પાસે આવ્યો છે

આર્થિક મોરચે પુનઃપ્રાપ્તિ, રોજગારીની તકોનું નિર્માણ અને ગરીબી નિવારણ - આ ત્રણ બાબતો અત્યારે વિશ્વભરના દેશોની સરકારો માટે અગ્રતાક્રમે છે. આ બધાની સાથોસાથ આપણા સૌ સમક્ષ અગાઉથી ચાલ્યો આવતો કચરાનો પ્રશ્ન તો ઉભો જ છે, જો કે તેને “ઝીરો વેસ્ટ” ઉકેલો અપનાવીને હાલ કરી શકાય તેમ છે. સરકાર હાલમાં ઉપર દર્શાવેલી અગ્રતાક્રમની બાબતોને કચરા વ્યવસ્થાપનના મુદ્દા સાથે સાંકળીને ઉકેલી શકે તેમ છે. જો આર્થિક પુનઃપ્રાપ્તિ માટેના ભંડોળને એકીકૃત રીતે આ દસ્તાવેજમાં દર્શાવ્યા અનુસાર જેને આપણે સામાન્ય રીતે હાંસિયામાં ધકેલી દઈએ છીએ તેવા આપણા ખૂણે-ખૂણાના શહેરોમાં અનૌપચારિક ક્ષેત્ર તરીકે કાર્યરત “ઇનફોર્મલ રિસાયકલર્સ” વર્ગની સંપૂર્ણ ક્ષમતાને વિકસિત કરીને “ઝીરો વેસ્ટ” વ્યવસ્થા તરફ આગળ વધી શકાય તે માટે વાપરી શકાય જેનાથી બેરોજગારી ઘટી શકે, કચરાના પ્રમાણમાં ઘટાડો થાય અને વધારામાં સામાજિક-પર્યાવરણીય ક્ષેત્રે પણ લાભ મળી શકે.

અગત્યની આંકડાકીય માહિતી:

- આશરે 12.6 થી 56 મિલિયન લોકો અનૌપચારિક રિસાયક્લિંગ ક્ષેત્રમાં કામ કરે છે.
- ગ્લોબલ સાઉથ તરીકે જાણીતા દક્ષિણીય દેશોની મોટાભાગની નગરપાલિકાઓ સૌથી મોટો ખર્ચ કચરાના વ્યવસ્થાપન માટે કરે છે, આ વિસ્તારના મ્યુનિસિપલ બજેટનો સરેરાશ 19% હિસ્સો કચરાના વ્યવસ્થાપન માટે વપરાય છે.
- કચરાને ઉપયોગી રીતે રિસાયકલ કે કોમ્પોસ્ટીંગ કરવાની જગ્યાએ અન્ય રીતે નિકાલ કરવાનું પ્રમાણ લેટિન અમેરિકા અને કેરેબિયન વિસ્તારોમાં 96% જેટલું છે, જ્યારે સહારાના દક્ષિણ ભાગમાં આવેલા આફ્રિકાના વિસ્તારોમાં 93% જેટલું છે. દક્ષિણ એશિયામાં 79% કચરાને ઉપયોગી રીતે રિસાયકલ અથવા કોમ્પોસ્ટ કરવાને બદલે તેનો એમ જ નિકાલ કરવામાં આવે છે.
- ચીન, પાકિસ્તાન, ભારત અને ફિલિપાઇન્સમાં અનૌપચારિક ક્ષેત્ર દ્વારા થતા એકત્રિત થતા મટીરીયલ પૈકી 20 થી 50% જેટલો જથ્થો રિસાયકલીંગ પ્રક્રિયામાં જાય છે. જ્યારે બ્રાઝિલમાં રિસાયકલીંગ પ્રક્રિયામાં જતા કુલ મટીરીયલનો 90% ભાગ અનૌપચારિક ક્ષેત્ર દ્વારા એકત્રિત કરાય છે. દક્ષિણ આફ્રિકામાં ગ્રાહકલક્ષી પેકેજિંગ અને કાગળના જથ્થાના 80 થી 90 % મટીરિયલને પુનઃપ્રાપ્ત કરવામાં આવે છે.
- સર્વસમાવેશક રિસાયકલીંગ વ્યવસ્થા અપનાવવાથી નવી નોકરીઓ ઉભી થવાની સંભાવનાઓની વાત કરીએ તો, 10,000 ટન રિસાયક્લેબલ મટીરીયલ દર વર્ષે સરેરાશ 321 જેટલી રોજગારીની તકોનું સર્જન કરી શકે તેવો અંદાજ છે

મહત્વની બાબતો:

અનૌપચારિક ક્ષેત્રના રિસાયકલર્સના સમાવેશ અને ઝીરો વેસ્ટ વ્યવસ્થા અપનાવવાથી ખૂબ સારા પરિણામો મળી શકે છે. જેમકે,

- કચરાના વ્યવસ્થાપનના ખર્ચમાં નોંધપાત્ર બચત અને સામાજિક સહાય ખર્ચમાં ઘટાડો થાય.
- ડીસ્પોઝલ સાઈટ વધુ વર્ષો સુધી વાપરી શકાય, પર્યાવરણીય સ્થિતિમાં સુધારો થાય અને ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો થાય.
- આવશ્યક સેવા પૂરી પાડતા સમાજના મહત્વના વર્ગને આર્થિક લાભની સાથે સામાજિક ન્યાય મળે.
- આ ઝીરો વેસ્ટ વ્યવસ્થાના ભવિષ્ય તરફ આગળ વધવા માટે સરકારને એક મજબૂત આધાર પૂરો પાડે છે.

અનૌપચારિક રિસાયકલર્સનો વર્તમાન સંદર્ભ

અનૌપચારિક રિસાયકલર્સ, જેઓ અનૌપચારિક અર્થવ્યવસ્થામાં રિસાયકલ અને કમ્પોસ્ટેબલ સામગ્રીને એકત્રિત કરે છે, તેનું વર્ગીકરણ કરે છે અને તેના પર પ્રક્રિયા કરે છે તેમની ઉપર કોવિડ મહામારીની ખૂબ ગંભીર અસર થઈ છે, તેમની કાર્ય કરવાની સ્થિતિ અગાઉથી જ ખરાબ હતી, જે તેમની વર્તમાન પરિસ્થિતિને વધુ સંવેદનશીલ બનાવે છે. 2020ના લોકડાઉન દરમિયાન રિસાયક્લિંગ વ્યવસ્થા મહિનાઓ માટે સ્થગિત કરવામાં આવી હતી, કચરો વીણનારાઓને ઘણા શહેરોમાં કામ કરવાની મંજૂરી નહોતી અને રિસાયક્લિંગ માર્કેટને ભારે નુકસાન થયું હતું.[4] [5] રોગચાળાની શરૂઆત થઇ તે પહેલાં એક અંદાજ મુજબ 12.6 થી 56 મિલિયન લોકો અનૌપચારિક રિસાયક્લિંગ ક્ષેત્રે કાર્યરત હતા.[6] વર્તમાન આર્થિક મંદીને કારણે કચરો વીણનારા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે અને આ ક્ષેત્રે કાર્યરત લોકોની વર્તમાન સંખ્યા આ આંકડા કરતા વધારે હોવાની સંભાવના છે.

આ અનૌપચારિક રિસાયકલર્સ જે પ્રકારની સેવાઓ સાથે સંકળાયેલા છે તે મોટાભાગની મ્યુનિસિપાલિટીઝમાં અસ્તિત્વમાં જ નથી અથવા ખૂબ પ્રારંભિક સ્તરમાં છે, મોટાભાગે તેઓને શૂન્ય કે નહિવત સહાયતા મળે છે અને ઉપરથી સતામણી અને ધમકીઓ સહન કરવી પડે છે. ઘણા વર્ષોથી તેઓ સકારાત્મક રીતે આર્થિક, સામાજિક અને પર્યાવરણીય પ્રભાવો લાવીને દક્ષિણના દેશોમાં રિસાયકલીંગ પ્રક્રિયાના ચક્રમાં ચાવીરૂપ ખેલાડીઓ બન્યા છે. ઘણા સ્થળોએ અનૌપચારિક રિસાયકલર્સ પોતાને એક વ્યવસ્થાકીય માળખામાં ગોઠવી શક્યા છે અને પરિણામે તેમના જીવનનિર્વાહમાં સુધારો નોંધાયો છે. પણ, મોટાભાગે હજી પણ તેઓ ખૂબ જ ચિંતાજનક પરિસ્થિતિમાં કાર્ય કરી રહ્યા છે. તેમની પ્રાથમિક માંગ છે કે મ્યુનિસિપલ રિસાયકલીંગ નીતિઓમાં તેમનો સમાવેશ કરાય. આ સમાવેશથી તેમની કાર્ય કરવાની પરિસ્થિતિમાં સુધારો થશે અને તેમને માટે ગરીબીમાંથી બહાર નીકળવાનો માર્ગ ઉપલબ્ધ બનશે, માન્યતા પ્રાપ્ત કામગીરી, વધુ સારી અને સ્થિર આવક, સામાજિક લાભો, તેમજ તેમની કુશળતાને વધુ સારી રીતે વિકસિત કરવાની અને નવી કુશળતા નિર્માણની સંભાવના તેઓના જીવનની એકંદર ગુણવત્તામાં સુધારો કરશે. આના કારણે તેમના બાળકો પર કુટુંબની આવકમાં ફાળો આપવા માટેનું આર્થિક દબાણ ઘટશે, જેથી બાળકોને પણ લાભ પહોંચશે.

A worker at a material recovery facility in Tacloban, Philippines is putting collected cans into a bag. ©Rommel Cabrera/GAIA

ઝીરો વેસ્ટ માટે અનૌપચારિક રિસાયકલર્સની ભૂમિકા

ગ્લોબલ સાઉથના શહેરોમાં સ્થાનિક સરકારો નબળા કચરા વ્યવસ્થાપન સાથે સંકળાયેલી સમસ્યાઓ અંગે જાગૃત છે અને ઘણા લોકો તેના ઉકેલો પણ શોધી રહ્યા છે. કચરાને ઉપયોગી રીતે રિસાયકલ કે કોમ્પોસ્ટીંગ કરવાની જગ્યાએ અન્ય રીતે નિકાલ કરવાનું પ્રમાણ લેટિન અમેરિકા અને કેરેબિયન વિસ્તારોમાં 96% જેટલું છે, જ્યારે સહારાના દક્ષિણ ભાગના આફ્રિકાના વિસ્તારોમાં આ પ્રમાણ 93% જેટલું અને દક્ષિણ એશિયામાં 79% જેટલું છે. કચરાની ડમ્પસાઈટ એ સ્થાનિક સરકાર માટે ટાઇમબોમ્બ સમાન મોટો પ્રશ્ન છે. આસપાસની વસ્તીને આ કચરાના ઢગલાને કારણે સહન કરવા પડતા[7] આરોગ્ય અને પર્યાવરણના પ્રશ્નો ગમે ત્યારે સંઘર્ષનું કારણ બની શકે છે. વળી, ડમ્પસાઈટ ભરાઈ જાય ત્યારે નવી જગ્યા શોધવી એ પણ માથાકૂટભર્યું કામ છે.

મોટાભાગની નગરપાલિકાઓમાં કચરા વ્યવસ્થાપન માટેનો ખર્ચ એ સૌથી વધુ હોવાને કારણે પરિસ્થિતિ વધુ જટિલ લાગે છે, આ ખર્ચ સરેરાશ મ્યુનિસિપલ બજેટના 19% હિસ્સો છે.[8] અને તેથી જ સવાલ ઉભો થાય છે કે તંગ રહેતા મ્યુનિસિપલ બજેટનો આટલો મોટો હિસ્સો કચરા વ્યવસ્થાપન માટે વપરાય છે ત્યારે તેને વધુ અસરકારક રીતે ઉપયોગમાં કેમ લેવામાં આવતો નથી?

ઝીરો વેસ્ટ વ્યવસ્થામાં રિસાયકલર્સની મુખ્ય ભૂમિકા હોય છે. ઝીરો વેસ્ટ એ મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનો એક અભિગમ છે જે કચરાનો ડમ્પસાઈટ, લેન્ડફિલ્સ અને ઇન્સિનેટર્સ દ્વારા નિકાલ કરવાની પ્રણાલીને ક્રમશ: ઘટાડવાનો પ્રયાસ કરે છે, વધુ કચરો પેદા થતો હોય તેવા સ્થળોએ કચરાનું નિર્માણ અટકાવવા માટેની નીતિઓ અને કાર્યક્રમો અમલી બનાવીને, બગાડ કરનાર અને ઝેરી ઉત્પાદનોને ફરીથી ડિઝાઈન અને પુન:ઉપયોગ કરીને, સમારકામ, રિસાયકલીંગ તેમજ કોમ્પોસ્ટીંગ અપનાવીને કચરાનો નિકાલ થઇ શકે. સમાંતર કચરા વ્યવસ્થાપનને બદલે ચક્રીય વ્યવસ્થા (સરક્યુલર સિસ્ટમ) અપનાવવા તરફ આગળ વધવાથી આર્થિક પુન:પ્રાપ્તિ અને સામાજિક ન્યાય બંને માટે મોટી સંભાવના ઉભી થાય છે.

ઘણા સ્થળોએ, રિસાયકલીંગ એ ઝીરો વેસ્ટ તરફ આગળ વધવાનું પ્રવેશ બિંદુ છે, જે પછીથી ઓર્ગેનિક કચરાની રીકવરી અને કચરાના ઘટાડા અંગેના કેન્દ્રિત અન્ય પગલાં સાથે પૂરક બને છે.

હાલમાં, અનૌપચારિક રિસાયકલર્સની કામગીરી કચરાના એકત્રીકરણ, રિસાયકલ સામગ્રી પરની પ્રક્રિયા અને શિક્ષણ તેમજ અન્ય બાહ્ય પ્રવૃત્તિઓ પર કેન્દ્રિય છે. અમુક સ્થળોએ તેઓ ઓર્ગેનિક કચરાની પ્રકિયા કરવામાં પણ સંકળાયેલા છે. તેમ છતાં, ઝીરો વેસ્ટ વ્યવસ્થા લોકોની ક્ષમતાઓ પર આધારિત હોવાથી અનૌપચારિક રિસાયકલર્સની ભૂમિકા વિસ્તૃત કરીને તેમને સમારકામ, સંશોધન, જાહેર અધિકારીઓ સહિતની અન્ય પ્રવૃતિઓમાં સાંકળી શકાય છે.

ઝીરો વેસ્ટ વ્યવસ્થા તરફ ન્યાયી રીતે આગળ ધપવા માટે અનૌપચારિક રિસાયકલર્સ આવશ્યક છે, સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની કુશળતા અને સંગઠનનું સ્તર સરકારો વધુ ન્યાયી અને સ્થિતિસ્થાપક સિસ્ટમ બનાવી શકે તે માટે પાયારૂપ બની શકે છે.

ઝીરો વેસ્ટ માટે અનૌપચારિક રિસાયકલર્સની ભૂમિકા

અનૌપચારિક ક્ષેત્ર દક્ષિણના દેશોમાં રિસાયક્લિંગ ચક્રનો આધાર છે.[9]

- એક અંદાજ પ્રમાણે દક્ષિણ આફ્રિકામાં 80 થી 90% ઉપયોગ થયેલી પેકેજિંગ સામગ્રી અને કાગળના કચરાનું એકત્રીકરણ થાય છે.[10]
- બ્રાઝિલમાં નેશનલ વેસ્ટ પીકર્સ મૂવમેન્ટ (MNCR) અંતર્ગત 600 જેટલી સહકારી મંડળીઓ બની છે જે દેશમાં રિસાયકલ થતી સામગ્રીનો 90% જથ્થો એકત્રિત કરવાનું કામ કરે છે.[11]
- ભારતમાં કચરો એકત્રિત કરનારાઓ કુલ રિસાયકલ થતા ગ્લાસ પૈકી 54% ગ્લાસ, કુલ રિસાયકલ થતા પ્લાસ્ટિક પૈકી 34-45% પ્લાસ્ટિક, 28-50% હાર્ડબોર્ડ અને મિશ્ર કાગળને રિસાયકલ કરતા હોવાનું અંદાજવામાં આવે છે.[12]
- એક અધ્યયનમાં જણાવાયું છે કે ચીનના નાનજિંગ શહેરમાં, કુલ રિસાયકલ સામગ્રીમાંથી 70-80% સામગ્રી અનૌપચારિક રિસાયકલર્સ એકત્રિત કરે છે.[13]
- અભ્યાસ અનુસાર જ્યારે કચરો વીણનારાઓ દ્વારા આ કામગીરીનું સંચાલન કરવામાં આવે છે ત્યારે અનૌપચારિક ક્ષેત્ર દ્વારા પ્રાપ્ત થતી રિસાયકલીંગ સામગ્રીનું પ્રમાણ ચીન, પાકિસ્તાન, ભારત અને ફિલિપાઇન્સમાં 20 થી 50% સુધીનું અને જ્યારે ઇજિપ્તના કૈરોમાં આ પ્રમાણ 80% સુધીનું જોવા મળ્યું છે.[14]

અનૌપચારિક ક્ષેત્ર ઘણા દેશોમાં રિસાયકલીંગ અને ફરીથી ઉત્પાદન ક્ષેત્ર માટે જરૂરી સામગ્રી પૂરી પાડનાર મુખ્ય પુરવઠાકાર છે. એક અનુમાન પ્રમાણે લેટિન અમેરિકા અને કેરેબિયન ક્ષેત્રમાં અનૌપચારિક ક્ષેત્ર સ્થાનિક ઉદ્યોગ અને નિકાસકારો દ્વારા વપરાતી રિસાયકલ સામગ્રી પૈકી 50-90% જેટલી સામગ્રી પૂરી પાડે છે પણ તેમને માત્ર 5% જેટલો જ નફો મળે છે.[15]

તેથી જ અનૌપચારિક ક્ષેત્ર હાલમાં રિસાયકલીંગ ઉદ્યોગને સબસિડી પૂરી પાડી રહ્યું છે એ વાતને માન્યતા આપવી યોગ્ય જણાય છે. ધનવાન દેશોમાં માર્કેટમાં મૂકાતી રિસાયકલ સામગ્રીની કિંમત જે તે કોર્પોરેશનો કે સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે તેને અનૌપચારિક ક્ષેત્ર સમાવેશી બનાવી રહ્યું છે.

સમાવેશી ઝીરો વેસ્ટ વ્યવસ્થા અપનાવવાથી શહેરોને થનાર ફાયદાઓ

• ઇન્સિનેટર કરતાં વધુ બચત

વિશ્વભરમાં ઇન્સિનેટરનું વેચાણ થઇ રહ્યું છે પણ આર્થિક મોરચે સમાવેશી ઝીરો વેસ્ટ વ્યવસ્થા, વેસ્ટ-ટુ-એનર્જી ઇન્સિનેરેટર્સ કરતા વધુ પરવડે તેવી છે.[16] વધુમાં, આ ઇન્સિનેટર પ્લાન્ટ પર્યાવરણ અને આરોગ્ય પર અસર કરે છે. આ ઉપરાંત, તે ખૂબ વધુ ખર્ચથી ઓછામાં ઓછા 30 વર્ષ સુધી કિંમતી સામગ્રીને બાળી નાખવા માટે મ્યુનિસિપાલિટીને બાંધી દે છે, તેની સામે ખૂબ ઓછી નોકરીની તકો ઉભી થાય છે અને તે અન્ય રીતે નુકસાન પણ કરે છે. ઉચ્ચ પ્રદૂષણ નિયંત્રણ ધોરણોવાળા ઇન્સિનેટર પ્લાન્ટનો બાંધકામ ખર્ચ તેની સ્થાપિત ક્ષમતા પ્રમાણે આશરે 600 USD થી USD 1,000 USD /ટન જેટલો છે અને સામે તે પ્રતિ 10,000 ટન 1.7 જેટલી નોકરીનું સર્જન દર વર્ષે કરે છે.[17]

• કચરાના વ્યવસ્થાપનના ખાનગીકરણ કરતા વધુ ફાયદાકારક

ઘણીવાર શહેરોમાં કચરા વ્યવસ્થાપનનું કામ ખાનગી કંપનીઓને સોંપવામાં આવે છે પણ તે પહેલાથી આ ક્ષેત્રમાં કાર્યરત લોકોને બાકાત રાખે છે અને તે સ્થાનિક સરકારોને મોંઘું પણ પડે છે[18] બીજી તરફ, ઘણાં શહેરોનો અનુભવ દર્શાવે છે કે જયારે કચરો વીણનારા સાથે ભાગીદારી કરાય છે ત્યારે સમાવેશી પ્રથાઓથી કચરા વ્યવસ્થાપનના ખર્ચમાં ખરેખર ઘટાડો થયો છે. "વુમન ઇન ઇન્ફોર્મલ એમ્પ્લોયમેન્ટ : ગ્લોબલાઈઝીંગ એન્ડ ઓર્ગેનાઇઝીંગ (WIEGO)ના અભ્યાસના આધારે કોલંબિયા દેશના બોગોટા શહેરમાં ખાનગી કોન્ટ્રાક્ટરને બદલે ઇન્ફોર્મલ રિસાયકલર્સનો સમાવેશ કરાયો ત્યારે શહેરના કચરા વ્યવસ્થાપનના ખર્ચમાં 11% નો ઘટાડો નોંધાયો. ઈજીપ્તના કૈરો શહેરમાં કચરો એકત્રિત કરનારાઓને રિસાયકલીંગ સિસ્ટમ સોંપાઈ તેનાથી દર વર્ષે 14.5 મિલિયન યુરોની બચત થઇ. બ્રાઝીલના દિયાદેમા મ્યુનિસિપાલિટીમાં કચરો વીણનારાઓના કામથી દર મહિને 10,000 યુ. એસ. ડોલરની બચત થઇ[19] ભારતના પૂણે શહેરમાં SWaCH કો-ઓપરેટીવ દ્વારા કચરા વ્યવસ્થાપનની કામગીરી થાય છે જેનો ખર્ચ ભારતના બીજા શહેરોમાં આ માટેના ખર્ચના પાંચમાં ભાગથી પણ ઓછો છે[20] બીજા એક અભ્યાસમાં લેટિન અમેરિકાના શહેરોમાં ચાલતા જુદા-જુદા 8 પ્રકલ્પોનું વિશ્લેષણ કરવામાં આવ્યું જ્યાં રિસાયકલેબલ સામગ્રીના સંગ્રહ, પરિવહન, વર્ગીકરણ અને પ્રોસેસિંગની કામગીરી નગરપાલિકા, ખાનગી કંપનીઓ, અનૌપચારિક રિસાયકલર્સ એસોસિએશનો દ્વારા અથવા તો આ સમૂહોના સહયોગથી ચાલતી હતી. આ અભ્યાસમાંથી કોઈ સંસ્થા/સમૂહ દ્વારા ચાલતી વ્યવસ્થા અને તેના ખર્ચ વચ્ચેનો કોઈ સબંધ હોવાનું બહાર આવ્યું નથી. પણ સૌથી વધુ ખર્ચ સંપૂર્ણપણે ખાનગી કંપની દ્વારા ચલાવવામાં આવતા વિકલ્પમાં, જ્યાં રિસાયકલેબલ સામગ્રીના સંગ્રહ માટે ડોર-ટુ-ડોર કલેકશનની જગ્યાએ કન્ટેનર વપરાતા હતા, ત્યાં થતો હોવાનું આ અભ્યાસ દર્શાવે છે. કચરા વ્યવસ્થાપનની કામગીરીનું ખાનગીકરણ કરવાથી જે શહેરોમાં કચરો ઉપાડનારાઓ પહેલેથી જ રિસાયક્લેબલ સામગ્રી એકત્રિત કરે છે[21] તેવા શહેરોમાં સંઘર્ષની સંભાવના ઉભી થાય છે અને તે રિસાયકલીંગના પ્રમાણ પર નકારાત્મક અસર કરે છે અને ગરીબીમાં વધારો થાય છે. દાખલા તરીકે, કૈરો શહેરમાં જયારે કચરો ઉપાડનારાઓ દ્વારા થતી કામગીરી ખાનગી કંપનીને સોંપાઈ ત્યારે રિસાયકલીંગના પ્રમાણમાં 20% ઘટાડો થયો.[22]

- ## પરિવહન અને નિકાલ ખર્ચમાં બચત.

રિસાયકલ કરી શકાય તેવી સામગ્રી પર શહેરોમાં જ પ્રક્રિયા કરવાથી પરિવહન અને નિકાલ સંબંધિત ખર્ચને ટાળી શકાય છે, આનાથી સામાન્યપણે શહેરની બહારના વિસ્તારોમાં થતા કચરાના ઢગલા અને લેન્ડફિલ્સને પણ ટાળી શકાય છે. એક અનુમાન અનુસાર દક્ષિણ આફ્રિકામાં અનૌપચારિક રિસાયકલર્સની સહકારી મંડળીના કામથી નગરપાલિકાઓને કચરાના નિકાલ ખર્ચમાં દર વર્ષે 40 મિલિયન ડોલરની બચત થાય છે.[23] ચીનના નાનજિંગ શહેરમાં થયેલ બીજા અભ્યાસમાં જણાયું કે કચરો વીણનારાઓ મ્યુનિસિપલ ઘન કચરાના નિકાલ ખર્ચમાં 17.6 થી 22 મિલિયન યુ. એસ. ડોલરની બચત કરાવે છે.[24] આ ઉપરાંત, 2 અબજ જેટલા લોકો કચરાના સંગ્રહસ્થાનમાંથી કચરો એકત્રિત કરવાની તક મેળવી શકતા નથી.[25] સરકારો સામે આ જટિલ પરિસ્થિતિ છે અને હાલમાં અનૌપચારિક કચરો એકત્રિત કરનારાઓ આ પ્રશ્નના ઉકેલમાં મદદ કરી રહ્યા છે.

- ## કચરાના નિકાલ સ્થળોનો જીવનકાળ લાંબો કરી શકાય.

અનૌપચારિક ક્ષેત્ર દ્વારા કચરામાંથી સામગ્રીની પુન:પ્રાપ્તિ કરવાથી કચરાના સંગ્રહ અને નિકાલ માટે વપરાતા ડમ્પિંગ સ્થળો અને લેન્ડફિલ સાઈટનો જીવનકાળ લાંબો બને છે. મોટાભાગના દેશોમાં અનૌપચારિક રીતે કચરો એકત્રિત કરતા લોકો રિસાયક્લેબલ મટિરિયલ્સને પુન:પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેનું પ્રમાણ કચરાના નિકાલ સ્થળોમાં ઠલવાતા મ્યુનિસિપલ ઘન કચરાના 20 થી 30% જેટલું છે. જે સ્થળોએ બાહ્ય સહયોગ મળે છે ત્યાં તેઓ કોમ્પોસ્ટીંગ અથવા એનારોબિક ડાયજેશન પ્રક્રિયા માટે સ્ત્રોત પરથી જ વર્ગીકૃત થતા ઓર્ગેનિક કચરાને પણ ભેગો કરે છે. દક્ષિણીય દેશોમાં કચરાના કુલ પ્રમાણમાં ઓર્ગેનિક ઘટકનું પ્રમાણ (50% થી વધુ) છે[26] - અનૌપચારિક કચરો વીણનાર કામદારોનો વ્યવસ્થામાં સમાવેશ કરીને શહેરો સ્રોતથી જ ઓર્ગેનિકને અલગ કરવાને કારણે નિકાલ સ્થળોના જીવનચક્રને બમણાથી વધુ લંબાવી શકે છે.

- ## ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો.



ગ્લોબલ એલાયન્સ ઓફ વેસ્ટ પીકર્સ અને WIEGOના અનુમાન મુજબ, સેનેગલના ડાકારમાં મેબીબ્યુસ ડમ્પસાઈટ પર કામ કરતા રિસાયકલર્સ આ સાઇટ પરના કચરાને બગડતો અટકાવી વર્ષે લગભગ 32,000 ટન કાર્બન ડાયોક્સાઈડ(CO2e)ના ઉત્સર્જનને રોકે છે. આર્જેન્ટિનાના બ્યુનોસ એરેસ શહેરની “અમનેસર દ લોસ કાર્ટોનેરોસ” કો-ઓપરેટીવ વિવિધ રીતે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન(CO2e)ઘટાડે છે, કાચા માલ તરીકે રિસાયકલ સામગ્રી ઉપલબ્ધ કરાવીને દર વર્ષે લગભગ 69,000 ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનને અટકાવે છે, ખુલ્લામાં કચરો સળગાવવાને ટાળીને વર્ષે 43,000 ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન ઘટાડે છે અને ટ્રકોની જગ્યાએ મેન્યુઅલ ગાડીઓનો ઉપયોગ કરીને દર વર્ષે 157 ટન CO2e (કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન) અટકાવે છે.[27] ભારતના પૂણે શહેરમાં સ્વચ(SWaCH) વેસ્ટ પીકર્સ કો-ઓપરેટીવ કચરાના ડોર-ટુ-ડોર કલેક્શન અને મટિરીયલ પ્રોસેસિંગ સર્વિસ દ્વારા એક વર્ષમાં 39,195 પેસેન્જર વાહનોમાંથી નીકળતા ઉત્સર્જન જેટલા પ્રમાણમાં ગ્રીનહાઉસ વાયુઓને વાતાવરણમાં ભળતા અટકાવી સ્વચ્છ પર્યાવરણ માટે નિમિત્ત બને છે.[28]

- ## ગરીબી સ્થિર છે.

કચરો વીણવાનું કામ મોટે ભાગે દારુણ ગરીબીની સ્થિતિમાં ટેકારૂપ બને છે. કટોકટીના સમયમાં, સરકારની નજર ચૂકવીને કચરામાંથી મળતી રિસાયક્લેબલ સામગ્રીના વેચાણથી થતી આવક ભૂખને ભાંગવામાં મદદરૂપ બને છે. ફિલિપાઇન્સના ક્વિઝન સિટીમાં, પેઆટાસ લેન્ડફિલ સાઈટની નજીક રહેતા એક રિસાયકલર્સ આ શબ્દોમાં પોતાની સ્થિતિ વર્ણવે છે - "પેગ વાલાંગ બાસુરા, વાલંગ પેરા, વાલાંગ પેગકૈન", ("જો ત્યાં કચરો ન હોય તો અમારે માટે કોઈ પૈસા નથી, કોઈ ખોરાક નથી"), ફિલિપાઇન્સમાં વર્ષ 2020[29] ના આંકડા પ્રમાણે દેશના 30% રહેવાસીઓને એટલે કે 7.6 મિલિયન લોકોને પરાણે ઉપવાસ કરવો પડે છે. કચરા વ્યવસ્થાપન વ્યવસ્થાનું ખાનગીકરણ, ખાનગી કંપનીઓ અને આજીવિકા માટે રિસાયક્લેબલ સામગ્રી પર આધારિત કચરો વીણનારાઓ વચ્ચે કચરામાંથી આ સામગ્રી મેળવવા માટેની સ્પર્ધા ઉભી કરે છે. ભારતના દિલ્હી સ્થિત ઓખલા ખાતે કચરો એકત્ર કરતા સમુદાયનો અભ્યાસ દર્શાવે છે કે કચરા કામદારો તેમને કચરામાંથી મળતી નિયમિત આવક સામે પડકાર ઉભો થાય તો પણ પોતાનું ક્ષેત્ર બદલવા તૈયાર નથી થતા, તેઓ ખરાબ પરિસ્થિતિમાં પણ પોતાનું એ જ કામ ચાલુ રાખે છે. આવક સરભર કરવા તેઓ કામનો સમય વધારે છે, નજીકના બીજા વિસ્તારમાંથી કચરો એકત્ર કરે છે, જીવનધોરણમાં ઘટાડો કરે છે અને અમુક કિસ્સામાં, આવક વધારવા માટે કચરો વીણવાના કામમાં બાળકોને સામેલ કરવામાં આવે છે.[30]

- સામાજિક રૂપરેખાની જાળવણી.

ઘણાં અનૌપચારિક રિસાયકલર્સ એસોસિએશનો અન્નક્ષેત્ર અને બાળ સંભાળ કેન્દ્રો ચલાવે છે, વંચિત સમુદાયો અને સરકારો વચ્ચેના જોડાણ માટે પ્રતિનિધિત્વ કરે છે, આ ક્ષેત્ર માટે રચાયેલ નીતિઓનું સમર્થન કરે છે અને ગરીબોનું જીવનધોરણ સુધારવા માટેની યોજનાઓ સરકારને પ્રસ્તુત કરે છે. દાખલા તરીકે, આર્જેન્ટિનામાં કચરો એકત્રિત કરતા કામદારો સહિતના અનૌપચારિક ક્ષેત્રે કાર્યરત કામદારો વતી રજૂઆત કરતા 'યુનિયન ઓફ વર્કર્સ ઇન ધ પોપ્યુલર ઇકોનોમી ઇન આર્જેન્ટિના' (UTEP), એ સરકાર સમક્ષ એક સંયુક્ત માનવ વિકાસ યોજના રજૂ કરી જેમાં મહામારીની આર્થિક અસરોને ઘટાડવા માટે રિસાયકલીંગ ક્ષેત્રને સામેલ કરીને ઔપચારિક અર્થતંત્રમાં 4 મિલિયન રોજગારી ઉભી કરવાનો લક્ષ્યાંક પણ સામેલ હતો. ભારતમાં પણ એ નોંધાયું છે કે અનૌપચારિક રિસાયકલર્સને માન્યતા આપીને ઘરે-ઘરેથી કચરો એકત્ર કરવાના કામને પરિણામે વિવિધ વર્ગો, જાતિઓ અને જ્ઞાતિઓ વચ્ચે સુમેળભરી સ્થિતિ ઉભી થાય છે જેનાથી સામાજિક ઘડતરને મજબૂત બનાવવામાં મદદ થાય છે.

ઉપરોક્ત આંકડા દર્શાવે છે કે કચરા વ્યવસ્થાપનમાં અનૌપચારિક કામદારોને સમાવિષ્ટ કરવાનો પ્રારંભિક ખર્ચો ખૂબ ઝડપથી નગરપાલિકાઓ માટે બચતરૂપી પરિણામોમાં દ્રશ્યમાન થવા લાગે છે, તેનાથી ગરીબી નાબૂદીની સાથોસાથ સામાજિક ન્યાય અને સમાવેશી બાબતોને પ્રાધાન્ય આપતા સામાજિક સહાય સાથે સંકળાયેલા અન્ય જાહેર ખર્ચમાં પણ ઘટાડો થાય છે. આ બચત કચરા વ્યવસ્થાપનની વ્યવસ્થામાં પરિવહન અને નિકાલના ખર્ચમાં ઘટાડો થવાને કારણે થાય છે, આ ઉપરાંત, રિસાયક્લેબલ સામગ્રીના વેચાણથી થતી આવક, ખર્ચાળ કન્ટેનરને બદલે ઘરે-ઘરેથી કચરાનું એકત્રીકરણ સંગ્રહ ખર્ચમાં ઘટાડો અને ખાનગી કંપનીઓ કરતા વધુ સારી આર્થિક રીતે કાર્યક્ષમ, સામાજિક રીતે સમાવિષ્ટ અને પર્યાવરણીય રીતે ટકાઉ સિસ્ટમ ઉભી થાય છે. બચત ક્યારેય ઓછી ચૂકવણી કરીને અથવા તો મજૂરની સ્થિતિ બગાડીને થવી જોઈએ નહીં. વર્તમાન આર્થિક કટોકટી એ આપણા માટે સામાજિક રીતે ન્યાયી તેમજ પર્યાવરણીય અને આર્થિક રીતે સ્થિતિસ્થાપક હોય તેવા અર્થતંત્ર તરફના પરિવર્તનમાં રોકાણ કરવા માટેની એક તક છે.

અનૌપચારિક ક્ષેત્રમાં રોજગારીની સંભાવના

સ્થાનિક સરકારો તેમની કચરા વ્યવસ્થાપન પધ્ધતિ ઝીરો વેસ્ટના અભિગમો દ્વારા સુધારવામાં રોકાણ કરી શકે અને સાથોસાથ સ્થાનિક રોજગારીનું સર્જન કરી શકે. આ અનૌપચારિક રિસાયકલર્સ જે અગાઉથી ઉપયોગી ભૂમિકા ભજવી રહ્યા છે તેમને માન્યતા પ્રદાન કરીને, તેમની સાથે જોડાણ કરીને તેમજ તેમની સાથે વધુ સારી રીતે રિસાયકલીંગ અને કમ્પોસ્ટિંગ સેવાઓ પ્રદાન કરવા માટે ભાગીદારી કરીને આ શક્ય બની શકે.

આનાથી નોંધપાત્ર રીતે રોજગારીની તકોની સંભાવના છે. કચરો ઉપાડનારાઓ સાથે કરાર કરનારા સંખ્યાબંધ શહેરોની માહિતીને આધારે કહી શકાય કે લેન્ડફિલ્સ આધારિત પ્રતિ 10,000 ટન સામગ્રી દ્વારા ઉભી થતી વાર્ષિક સરેરાશ 1.8 નોકરીની સંખ્યાની સરખામણીએ સમાવિષ્ટ કચરા વ્યવસ્થાપન પ્રણાલીઓ વાર્ષિક ધોરણે પ્રતિ 10,000 ટન રિસાયક્લેબલ સામગ્રીથી સરેરાશ 321 નોકરીઓ ઉભી કરે છે.

- બ્યુનોસ એરેસ, આર્જેન્ટિના: 184 નોકરીઓ/10,000 ટન વાર્ષિક [33]

5,300 રજિસ્ટર્ડ કામદારોનું સંચાલન કરતી 12 કચરો એકત્રિત કરનારાઓ(વેસ્ટ પીકર્સ)ની સહકારી મંડળી દ્વારા કરાર આધારિત ચલાવાતી રિસાયકલીંગ વ્યવસ્થાના પરિણામે.

- લોન્ડ્રીના, બ્રાઝિલ: 302 નોકરીઓ/10,000 ટન વાર્ષિક [34]

સ્થાનિક સરકારે કચરો એકત્ર કરનારાઓની સાત સહકારી મંડળીઓ સાથે કરાર કર્યો છે અને તેઓ કચરાના સંગ્રહ, પ્રક્રિયા અને રિસાયકલ સામગ્રીનું વેચાણ કરે છે તેના પરિણામે.

- ડોઇસ ઇરમિઓસ, બ્રાઝિલ: 288 નોકરીઓ/10,000 ટન વાર્ષિક [35]

કચરો એકત્ર કરનાર સંગઠન શહેરનો તમામ કચરો એકત્રિત કરે છે, વેચાણ માટે પ્રક્રિયા કરીને રિસાયક્લેબલ સામગ્રી તૈયાર કરે છે અને કચરાના વ્યવસ્થાપનમાં સુધારા માટે ગ્રાહકોને સલાહ પ્રદાન કરે છે.

- પેઆલોલોન, ચિલી: 555 નોકરીઓ પ્રતિ 10,000 ટન વાર્ષિક [36]

સમાવેશી પધ્ધતિ અપનાવીને કચરો એકત્ર કરનારાઓ ઓળખ કાર્ડ સાથે ઘરે-ઘરેથી કચરો અને રિસાયક્લેબલ સામગ્રી એકત્રિત કરે છે જેનાથી તેઓ લઘુત્તમ વેતન કરતા 1.3-2.5 ગણી વધુ કમાણી કરે છે.

- બેંગલુરુ, ભારત: 304 નોકરીઓ પ્રતિ 10,000 ટન વાર્ષિક [37]

"હાસિરુ ડાલા" પહેલમાં કાર્યરત 200 કર્મચારીઓ (જેઓ અગાઉ કચરો વીણવાનું કામ કરતા હતા.) ના પરિણામે, જેઓ 30,000 ઘરોમાંથી કચરો એકત્રિત કરવાની સાથે તેમને પર્યાવરણીય શિક્ષણ પણ આપે છે, એકત્રિત કચરામાં 90% સ્ત્રોતથી વર્ગીકૃત થઈને આવે છે અને 80% કચરો લેન્ડફિલ્સ સુધી જતો નથી. આ કર્મચારીઓ તેમની અગાઉની આવક કરતા બે-ત્રણ ગણી કમાણી કરે છે.

આર્થિક પુન:પ્રાપ્તિ માટેનું ભંડોળ તેમજ કચરા વ્યવસ્થાપન અને આબોહવા પરિવર્તન માટે ઉપલબ્ધ અન્ય ભંડોળનો ઉપયોગ અગાઉથી આ વિષે ઉપયોગી કાર્ય કરી રહેલા જૂથની કામ કરવાની પરિસ્થિતિઓમાં સુધારો થાય તે માટે કરવાની આ તક છે. અત્યંત દારુણ પરિસ્થિતિઓમાં કાર્યરત આ રિસાયકલર્સને એમ જ છોડી દઈને આર્થિક બચત કરવાનો રસ્તો અપનાવવો જોઈએ નહીં. લગભગ બધા સફળ સમાવેશી ઉદાહરણોમાં જોવા મળ્યું કે કચરો વીણનારાઓ પોતાને એક જૂથ તરીકે ગોઠવીને, સમાવેશ કરવાની માંગ કરીને સરકાર સમક્ષ વિકલ્પો રજૂ કરે છે અને તેનાથી જ સફળતા મળે છે. હવે સ્થાનિક સરકારોએ સમાવેશીકરણની આ પ્રક્રિયાને સક્રિય રીતે આગળ વધારવાનો સમય છે.

જુદા જુદા પ્રદેશોમાં કચરો એકત્ર કરતા જૂથોએ જે સરકારો ઝીરો વેસ્ટ પધ્ધતિ અમલમાં મૂકવા માંગે છે તેમને સહાયરૂપ થવા એક વિસ્તૃત જાણકારી મેળવી લીધી છે:

- ભારતના પૂણે શહેરમાં સ્વચ(SWaCH) સહકારી મંડળી, પૂણે મ્યુનિસિપલ કોર્પોરેશન સાથેના કરાર અનુસાર 840,000 ઘરોમાંથી ઘરેલું કચરો એકત્રિત કરવાની સેવા પ્રદાન કરે છે, દર વર્ષે લગભગ 400,000 ટન કચરો એકત્રિત કરે છે અને 3,500 કચરો ઉપાડનારાઓને રોજગારી આપે છે.[38]

- આર્જેન્ટીનાના 30 મિલિયન વસ્તીવાળા બ્યુનોસ એરેસ શહેરમાં કચરો એકત્ર કરનારાઓ(વેસ્ટ પીકર્સ)ની 12 સહકારી મંડળીને સરકારે રિસાયકલીંગ વ્યવસ્થા ચલાવવાનું કામ આપ્યું છે જેઓ ઘરે-ઘરેથી રિસાયક્લેબલ સામગ્રી એકત્રિત કરે છે, નાગરિકોને સ્ત્રોત પરથી જ કચરો વર્ગીકૃત કરવા શિક્ષિત કરે છે, તેઓ 16 વર્ગીકરણ કેન્દ્રો ચલાવે છે. આ સરકાર અને કચરો એકત્ર કરતી મંડળી દ્વારા સયુંકત રીતે ગોઠવાયેલી પધ્ધતિનું ઉદાહરણ છે.[39] રાષ્ટ્રીય સ્તરે અનૌપચારિક અર્થતંત્રના રાષ્ટ્રીય નિયામક જે પોતે એક સમયે કચરો એકત્રિત કરવાનું કાર્ય કરતા હતા, તેઓ હાલમાં દેશમાં કચરો એકત્રિત કરનારાઓને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવીને, વેચાણની સ્થિતિમાં સુધારો કરીને અને એકત્રિત સામગ્રીનું મૂલ્યવર્ધન કરતી બાબતોને કેન્દ્રમાં રાખીને ચાલતા કાર્યક્રમનું સંચાલન કરે છે.[40]

- દક્ષિણ આફ્રિકાના સસોલબર્ગમાં, વાલ પાર્ક સહકારી મંડળી 3,000 ઘરોમાંથી સ્ત્રોતથી વર્ગીકૃત થયેલી રિસાયક્લેબલ સામગ્રી ઘરે-ઘરેથી એકત્રિત કરે છે. [41]

- ફિલિપાઇન્સના સાન ફર્નાન્ડો શહેરમાં અનૌપચારિક કચરો એકત્ર કરનારાઓને ઝીરો વેસ્ટ પધ્ધતિનો ભાગ બનવાયા. તેમને સંગ્રહ, રસ્તાઓની સફાઈ, કચરાનું વર્ગીકરણ અને સામગ્રીની પુન:પ્રાપ્તિ માટેની સુવિધાના સંચાલનના કાર્યો સોપાયા. શહેરમાં લેન્ડફિલમાં જતા કચરાનું પ્રમાણ 80% ઘટી ગયું છે અને કરાર પરના કામદારોને પગાર અને કામ કરવાની સારી સ્થિતિ મળી રહે છે.[42]

અનૌપચારિક ક્ષેત્ર સાથે ભાગીદારી: કચરાનું વ્યવસ્થાપન સુધારવા માટે લોકશક્તિ

અનૌપચારિક ક્ષેત્રને કચરા વ્યવસ્થાપનમાં સામેલ કરવાના ઘણા રસ્તાઓ છે, એની શરૂઆત સમાવેશી વ્યવસ્થાના આયોજનમાં અનૌપચારિક કામદારોને સામેલ કરીને અને તેમની જરૂરિયાતો અને માંગને સમજીને કરવી જોઈએ. સમાવેશ કરવાનો માર્ગ સરળ નથી અને ઘણીવાર મ્યુનિસિપલ વેસ્ટ વિભાગની સામાન્ય કામગીરી સિવાયના મુદ્દાઓ અંગે વિચારણા કરવી જરૂરી બને છે જેમકે, આરોગ્ય સંભાળ, બાળ મજૂરી નિવારણ, સ્થળાંતરિત મજૂરો માટે સહાય, અને અન્ય. આ મુદ્દાઓ અંગે સંબંધિત સરકારી વિભાગો સાથેનો સંવાદ એ મુખ્ય બાબત છે.

સફળતાપૂર્વક લાગુ કરવામાં આવેલી કેટલીક સમાવેશી નીતિઓમાં સામેલ કરાયેલ મુદ્દાઓ જોઈએ:[43]

- ઓળખ, ગણતરી અને નોંધણી: કામદારોની નોંધણી કરવી અને તેમની જરૂરિયાતો જાણવી, તેમના કાર્યને કાયદેસર બનાવવા માટે ઓળખ કાર્ડ આપવું.
- તાલીમ ગોઠવવી, વ્યક્તિગત સુરક્ષા ઉપકરણો અને ગણવેશ આપવો.
- તેમને કચરા વ્યવસ્થાપન સેવાના કાયદેસર સભ્ય તરીકેની માન્યતા આપતા નીતિ-નિયમો ઘડવા.
- સામગ્રીનો સંગ્રહ અને વર્ગીકરણ કરવા માટે જગ્યા આપવી.
- તેમને કચરો એકત્ર કરવા અને તેની પ્રક્રિયા કરવા માટે ગ્રાહક ફી લેવાની મંજૂરી આપવી.
- તેમને સામગ્રીને એકત્રિત કરવા અને પ્રક્રિયા કરવા માટે જરૂરી સુવિધાઓ અને સાધનો જેમકે ગાડી, કન્વેયર બેલ્ટ, ગાંસડી, ફોર્કલિફ્ટ આપવા અથવા તે ખરીદવા જરૂરી ભંડોળ પૂરું પડવું.
- ઓળખ કાર્ડ આપવાની સાથોસાથ તેમના બાળકો માટે સંભાળ કેન્દ્રો(ડે-કેર)ની સ્થાપના, શિક્ષણવ્યવસ્થામાં સમાવેશ અને આરોગ્ય સંભાળની સવલત ઉભી કરવી અથવા ઉભી કરવા માટે સહાય કરવી.
- તેમની સાથે રિસાયક્લેબલ્સ, ઓર્ગેનિકસ અથવા તમામ કચરાના વ્યવસ્થાપનની સેવા લેવા માટે કરાર કરવો અથવા ભાગીદારી કરવી, ન્યાયી પગાર અને લાભો આપવા, તેઓ જે સેવા પ્રદાન કરે છે તેના ખર્ચ પેટે ચૂકવણી કરવી (અન્ય કોઈ સેવા આપનાર સાથે થાય છે તેમ જ). આ સેવાઓ ડોર-ટુ-ડોર કલેક્શન, રિસાયક્લેબલ સામગ્રીના વર્ગીકરણ અને પ્રોસેસિંગ, મૂળ સ્થાને કોમ્પોસ્ટ અને એનારોબિક ડાયજેશન પ્રણાલીના અમલીકરણ તેમજ નાગરિકો માટે શિક્ષણ અને જાગૃતિ માટે હોઈ શકે છે.

આ પગલાંઓ વિવિધ સ્તરના સમાવેશને પ્રતિબિંબિત કરે છે, પરંતુ અનૌપચારિક રિસાયકલીંગ ક્ષેત્રે વ્યવસ્થિત રીતે રોકાણ કરવું એટલે કે તેમના અધિકારની ખાતરી આપવી એ મુખ્ય બાબત છે. આખરે, સ્થાનિક સરકારોએ રિસાયકલીંગ અને લેન્ડફિલ્સમાં કચરો ઘટાડવામાં અનૌપચારિક ક્ષેત્રની ભૂમિકાને માન્યતા આપવી જોઈએ અને આ સેવા માટે પૈસા ચૂકવવા જોઈએ અથવા તેમને ગ્રાહક ફી વસૂલવાની મંજૂરી આપવી જોઈએ. સ્રોતથી જ અલગ થતી ઓર્ગેનિક સામગ્રીનો સંગ્રહ અને પ્રક્રિયા (દા.ત., કોમ્પોસ્ટિંગ) એ ટકાઉ વ્યવસાયિક મોડેલ ન હોઈ શકે અને તેને ઉપલબ્ધ જાહેર સબસિડીની જરૂર પડી શકે છે. જો કે, આ સબસિડીની રકમ સામાન્ય રીતે આ કચરાનો નિકાલ કરવાની કિંમત કરતા ઓછી હોય છે અને તેનાથી મહત્વપૂર્ણ રીતે રોજગારી, જાહેર આરોગ્ય અને પર્યાવરણના લાભો ઉત્પન્ન થાય છે જે અન્યથા સાકાર થઈ શકતા નથી.

જે નગરપાલિકાઓ પાસે કચરા વ્યવસ્થાપન માટેનું બજેટ નથી અથવા તો જે નગરપાલિકાઓએ પહેલેથી જ પોતાનું બજેટ કોન્ટ્રાક્ટમાં ફાળવી દીધું છે તેમને પ્રારંભિક ખર્ચ તરીકે નવા ભંડોળની જરૂર પડી શકે છે. સ્થાનિક સરકારો પાસે આજે નોકરીઓ ઉભી કરવા માટે અને સ્થાનિક સ્તરે ઝીરો વેસ્ટ વ્યવસ્થા ઉભી કરીને કચરાનો પ્રશ્ન ઉકેલવા માટે તેમને મદદ કરવા ઉપલબ્ધ એવા આર્થિક રીકવરી ભંડોળ મેળવવા માટેની તક છે. તેવી જ રીતે, આર્થિક પુનઃપ્રાપ્તિ અને આબોહવા પરિવર્તનના પ્રોજેક્ટ્સ માટે ભંડોળ વિતરીત કરતી એજન્સીઓએ અનૌપચારિક રિસાયકલના કાર્યને ટેકો આપવાના ફાયદાઓ જોવા જોઈએ, તેમણે સમાવેશી ઝીરો વેસ્ટ વ્યવસ્થામાં વધુ ભંડોળ આપવું જોઈએ, અને કચરો એકત્રિત કરતા જૂથો માટે આ ભંડોળ મેળવવા સીધી અરજી કરવાની સંભાવના ઉભી કરવી જોઈએ.

મ્યુનિસિપલ બજેટનો સૌથી મોટો ખર્ચ તરીકે કચરા વ્યવસ્થાપનના કામમાં જાય છે તેથી સરકારો માટે અનૌપચારિક રિસાયકલર્સની સેવાઓને માન્યતા આપવાનો સમય આવી ગયો છે અને આ કાર્યમાં રોકાણ કરવાથી શહેર અને સમુદાય સહિત સમગ્ર વિશ્વ માટે સામાજિક, પર્યાવરણીય અને આર્થિક લાભો મળશે.

આભાર

આ અહેવાલ સેસિલિયા એલન દ્વારા લખવામાં આવ્યો છે. જ્હોન રિબેરો-બ્રૂમહેડ દ્વારા આ સંશોધનમાં સહાય કરાઈ છે. આ અહેવાલ નતાશા નાયમ દ્વારા સંપાદિત કરાયો છે અને શાન્થની એક્ઝમ દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યો છે. ગુજરાતી ભાષામાં આ અહેવાલનો અનુવાદ ફાલ્ગુની જોષીએ કર્યો છે અને ડિઝાઇન કામગીરી કબીર પંચાલે કરી છે.

સહાય અને સમીક્ષાની કામગીરીમાં સામેલ છે: મીકો અલિનો, નિવેન રેડ્ડી, ક્લેર આર્કિન, ડોઉન મૂન, શેરમા બેનોસા, નેઈલ ટાંગરી, ફેલિસિયા ડેરિટ, ક્રિસ્ટી કેઈથ, મેગદાલેના ડોનોસો અને મોનિકા વિલ્સન (GAIA); લક્ષ્મી નારાયણ (KKPKP),મુસા ચમાને(ગ્રાઉન્ડ વર્ક), બેટ્ટી ઓસેઇ બોન્સુ (ગ્રીન આફ્રિકા યુથ ઓર્ગેનાઇઝેશન) અને મરિઆના નાસ્કીમેન્ટો.

આ અહેવાલ પ્લાસ્ટિક સોલ્યુશન્સ ફંડના આંશિક મદદ દ્વારા તૈયાર થયો છે. આ પ્રકાશનમાં વ્યક્ત થયેલા મંતવ્યોમાં પ્લાસ્ટિક સોલ્યુશન્સ ફંડના મંતવ્યો પ્રતિબિંબિત થતા નથી.

સંદર્ભ સૂચિ

[1] Lakner, Ch. et al. (2020). Updated Estimates of the Impact of COVID-19 on Global Poverty: The Effect of New Data. World Bank blog. *https://blogs.worldbank.org/opendata/updated-estimates-impact-covid-19-global-poverty-effect-new-data*

[2] International Labour Office. (2018). Women and Men in the Informal Economy: a Statistical Picture (third edition). *https://www.ilo.org/wcmsp5/groups/public/---dgreports/---dcomm/documents/publication/wcms_626831.pdf*

[3]International Labour Organization. (2020). ILO Monitor: COVID-19 and the World of Work (sixth edition), page 5. *https://www.ilo.org/wcmsp5/groups/public/---dgreports/---dcomm/documents/briefingnote/wcms_755910.pdf*

[4]Arora, K. (2020). Post-COVID 19 Lockdown Forecast for the Informal Recycling Sector and Suggestive Interventions to Help in the Long Term. Hasiru Dala. *https://wastenarratives.com/2020/05/11/post-covid-19-lockdown-forecast-for-the-informal-recycling-sector-and-suggestive-interventions-to-help-in-the-long-term/*Dias, S., Abussafy, R. Gonçalves, J. and Martins, J.P. (2020). Overview of the Impact of the COVID-19 Pandemic on Inclusive Recycling in Brazil. WIEGO. *https://www.wiego.org/publications/overview-impact-covid-19-pandemic-inclusive-recycling-brazil*

[5] GA Circular (2020). Safeguarding the Plastic Recycling Value Chain: Insights from COVID-19 Impact in South and Southeast Asia. Commissioned by Circulate Capital *https://1b495b75-5735-42b1-9df1-035d91de0b66.filesusr.com/ugd/77554d_6464ccce8ff443b1af07ef85f37caef5.pdf*

[6] Linzner, R. and Lange, U. (2013) Role and Size of Informal Sector in Waste Management – a Review. Waste and Resource Management. *https://www.researchgate.net/publication/274347188_Role_and_size_of_informal_sector_in_waste_management_-_a_review*

[7] Kaza, Silpa, Lisa Yao, Perinaz Bhada-Tata, and Frank Van Woerden. (2018). What a Waste 2.0: A Global Snapshot of Solid Waste Management to 2050, page 102. World Bank.

[8] Kaza, Silpa, Lisa Yao, Perinaz Bhada-Tata, and Frank Van Woerden. (2018). What a Waste 2.0: A Global Snapshot of Solid Waste Management to 2050, page 102. World Bank.

[9] GAIA. (2019). Inclusion of Waste Pickers in Zero Waste Programs. *https://zerowasteworld.org/wp-content/uploads/Seria-docuemntos-GAIA-Caso-4-ingles.pdf*

[10] Moraes, E., Vinícius, M.C.: Londrina Recicla em dados - 2012-2017. Prefeitura de Londrina, Companhia Municipal de Trânsito e Urbanização, 2018.

[11] Danielson, J. (2020). Leave No Trace: Vital lessons from pioneering organisations on the frontline of waste and ocean plastic. Vital Oceans/SYSTEMIQ, TriCiclos, Hasiru Dala.

[12] Danielson, J. (2020). Leave No Trace: Vital lessons from Pioneering Organisations on the Frontline of Waste and Ocean Plastic. Vital Oceans/SYSTEMIQ, TriCiclos, Hasiru Dala.

[13] Hasiru Dala Innovations. *http://map-sa.net/Document/Doc/Hasiru.pdf*

[14] SWaCH. (2021). *https://swachcoop.com/*

[15] GAIA. (2019). Inclusion of Waste Pickers in Zero Waste Programs. *https://zerowasteworld.org/wp-content/uploads/Seria-docuemntos-GAIA-Caso-4-ingles.pdf*

[16] María Castillo. (2020). El Reconocimiento del Estado Hacia el Sector Cartonero es mi Mayor Orgullo. Ministerio de Desarrollo Social, Argentina. *https://www.argentina.gob.ar/noticias/maria-castillo-el-reconocimiento-del-estado-hacia-el-sector-cartonero-es-mi-mayor-orgullo*

[17] GAIA. (2019). Stronger Together: How the Waste Picker Movement Transformed Recycling in South Africa. *https://zerowasteworld.org/how-does-it-work/*

[18] GAIA. (2019). Picking up the Baton - Political Will Key to Zero Waste. *https://zerowasteworld.org/wp-content/uploads/San-Fernando.pdf*

[19] For more information, visit the site of the Global Alliance of Waste Pickers *https://globalrec.org/* and Women in Informal Employment: Globalizing and Organizing (WIEGO) *https://www.wiego.org/*

[20] WIEGO. (2019). In India, Pune's Poorest Operate One of the World's Most Cost-effective Waste Management Models. *https://www.wiego.org/blog/india-pune%E2%80%99s-poorest-operateworld%E2%80%99s-most-cost-effective-wastemanagement-models.*

[21] Correal, L. and Laguna, A. (2018) Estimación de Costos de Recolección Selectiva y Clasificación de Residuos con Inclusión de Organizaciones de Recicladores Herramienta de Cálculo y Estudios de Caso en América Latina y Hi Caribe. Nota Técnica 01433, BID.

[22] WIEGO. (2015). Just Recycling: The Social, Economic and Environmental Benefits of Working with Waste Pickers. *https://www.youtube.com/watch?v=SfHUWA5dTZ4&t=120s*

[23] 750 million rands. Source: Godfrey, L., Strydom, W. and Phukubye, R. (2016). Integrating the Informal Sector into the South African Waste and Recycling Economy in the Context of Extended Producer Responsibility. GSIR. *https://www.csir.co.za/sites/default/files/Documents/Policy%20Brief_Informal%20Sector_CSIR%20final.pdf*

[24] Chen, F. et al. (2018). Enhancing Municipal Solid Waste Recycling Through Reorganizing Waste Pickers: A Case Study in Nanjing, China. Waste Management and Research. 6(9):767-778. doi: 10.1177/0734242X18766216

[25] UNEP. (2015) Global Waste Management Outlook. United Nations Environment Programme, 2015
[26] Kaza, Silpa, Lisa Yao, Perinaz Bhada-Tata, and Frank Van Woerden. (2018). What a Waste 2.0: A Global Snapshot of Solid Waste Management to 2050. Urban Development Series. Washington, DC: World Bank. doi:10.1596/978-1-4648-1329-0.
[27] WIEGO and Global Alliance of Waste Pickers. (2019). Reducing Greenhouse Gas Emissions through Inclusive Recycling Methodology and Calculator Tool. *https://www.wiego.org/sites/default/files/resources/file/COP%20GHG%20Methodology%20English%20 for%20web.pdf*
[28] SWaCH (2018). Environmental Impact of SWaCH Waste-Pickers in Pune City. *https://swachcoop.com/about/impact/*
[29] Zambrano, C. (2020). Facebook Post. *https://www.facebook.com/chiarazambrano/ posts/10162036610229815*; see also SWS September 17-20, 2020 National Mobile Phone Survey *https://www.sws.org.ph/swsmain/ artcldisppage/?artcsyscode=ART-20200927135430.*
[30] Chintan Environmental Research and Action Group. (2011). Waste-to-Energy or Waste-of-Energy?. *https://www.chintan-india.org/sites/default/ files/2019-08/chintan waste to energy or waste of energy.pdf*
[31] Plan de Desarrollo Humano Integral. (2020). *https://plandesarrollohumanointegral.com.ar/*
[32] See, for instance: Dayrit, F. (2019). Picking up the Baton: Political Will Key to Zero Waste. Zero Waste Cities, Asia Series. Global Alliance for Incinerator Alternatives. *https://zerowasteworld.org/wpcontent/uploads/San-Fernando.pdf* and Liamzon, C. (2019). Sunshine After the Storm: A Typhoon-Ravaged City Rises to Become Zero Waste. Zero Waste Cities, Asia Series. Global Alliance for Incinerator Alternatives.
[33] For more information, visit the site of the Global Alliance of Waste Pickers https://globalrec.org/ and Women in Informal Employment: Globalizing and Organizing (WIEGO) *https://www.wiego.org/*
[34] GAIA. (2019). Inclusion of Waste Pickers in Zero Waste Programs. *https://zerowasteworld.org/wpcontent/uploads/Seria-docuemntos-GAIA-Caso-4- ingles.pdf*
[35] Moraes, E., Vinícius, M.C.: Londrina Recicla em dados - 2012-2017. Prefeitura de Londrina, Companhia Municipal de Trânsito e Urbanização, 2018.
[36] Danielson, J. (2020). Leave No Trace: Vital lessons from pioneering organisations on the frontline of waste and ocean plastic. Vital Oceans/SYSTEMIQ, TriCiclos, Hasiru Dala.
[37] Danielson, J. (2020). Leave No Trace: Vital lessons from Pioneering Organisations on the Frontline of Waste and Ocean Plastic. Vital Oceans/SYSTEMIQ, TriCiclos, Hasiru Dala.
[38] Hasiru Dala Innovations. *http://map-sa.net/ Document/Doc/Hasiru.pdf*
[39] SWaCH. (2021). *https://swachcoop.com/*
[40] GAIA. (2019). Inclusion of Waste Pickers in Zero Waste Programs. *https://zerowasteworld.org/wpcontent/uploads/Seria-docuemntos-GAIA-Caso-4- ingles.pdf*
[41] María Castillo. (2020). El Reconocimiento del Estado Hacia el Sector Cartonero es mi Mayor Orgullo. Ministerio de Desarrollo Social, Argentina. *https://www.argentina.gob.ar/noticias/maria-castilloel-reconocimiento-del-estado-hacia-el-sectorcartonero-es-mi-mayor-orgullo*
[42] GAIA. (2019). Stronger Together: How the Waste Picker Movement Transformed Recycling in South Africa. *https://zerowasteworld.org/how-does-itwork/*
[43] GAIA. (2019). Picking up the Baton - Political Will Key to Zero Waste. *https://zerowasteworld.org/wpcontent/uploads/San-Fernando.pdf*

દક્ષિણ આફ્રિકા: કચરો એકત્રિત કરતા વેસ્ટ પીકર્સ ગ્રાહકોના વપરાશ પછીના પેકેજિંગ અને કાગળનો 80 થી 90% હિસ્સો પુન:પ્રાપ્ત કરે છે.

લેટિન અમેરિકા અને કેરેબિયન: અનૌપચારિક ક્ષેત્ર અંદાજિત 50-90% રિસાયકલ સામગ્રી ભેગી કરે છે છતાં ફક્ત 5% નફો મેળવે છે

પૂણે, ભારત: સ્વચ(SWaCH) સહકારી મંડળી 840,000 ઘરોમાંથી સ્ત્રોત પરથી જ વર્ગીકૃત કરેલ 400,000 ટન કચરો ઘરે-ઘરથી દર વર્ષે એકત્રિત કરે છે.

અંદાજ અનુસાર સમાવિષ્ટ રિસાયક્લિંગ સિસ્ટમ્સ દ્વારા દર વર્ષે પ્રતિ 10,000 ટન રિસાયક્લેબલ કચરાથી 321 નોકરીઓ ઉભી થવાની સંભાવના છે.

અનૌપચારિક રિસાયક્લિંગ ક્ષેત્રે 12.6 થી 56 મિલિયન લોકો કાર્યરત છે.

બેંગલુરુ, ભારત: હસિરુ ડાલા પહેલ 30,000 ઘરોને કચરા એકત્રીકરણ અને પર્યાવરણીય શિક્ષણની સેવા પ્રદાન કરે છે, જ્યાં સ્ત્રોત પરથી કચરાને વર્ગીકૃત કરવાનો દર 90% અને ડાયવર્ઝન રેટ 80% છે.

બ્યુનોસ એરેસ, આર્જેન્ટિના: રિસાયક્લિંગ સિસ્ટમ સરકાર દ્વારા કરાર કરાયેલા વેસ્ટ પીકર્સની 12 સહકારી મંડળીના 5,300 રજિસ્ટર્ડ કામદારો દ્વારા ચલાવવામાં આવે છે.

સાસોલબર્ગ, દક્ષિણ આફ્રિકા: ધી વાલ પાર્ક સહકારી મંડળી 3,000 ઘરોમાંથી રિસાયક્લેબલ મટિરિયલ્સને સ્ત્રોતથી અલગ કરવાની ડોર-ટુ-ડોર કલેક્શન સેવા આપે છે.